હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, ગાંધીનગરમાં આપણી સામે કોઈ પડે તેમ નથી.. આ એક ભુવા આપણાં કંટ્રોલમાં નથી આવતા..

કલોલમાં સ્વાતંત્ર્ય દિન ઉજવણીની તૈયારીઓ

૧૫મી ઓગષ્ટે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી રાષ્ટ્રધ્વજ ફરકાવશે : પરેડ રિહર્સલ યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લાકક્ષાના ૧૫મી ઓગષ્ટનો કાર્યક્રમ કલોલમાં યોજાવાનો છે જેના અનુસંધાને રિહર્સલ રાખવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લાકક્ષાનો ૧૫મી ઓગષ્ટના રાષ્ટ્રીય પર્વની ઉજવણી કલોલ ખાતે કરવાની છે. જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપશે. કલોલમાં જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજન અર્થે રિહર્સલ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં પરેડના કમાન્ડર તરીકે કલોલ શહેર ઈન્સ્પેક્ટર ઉન્નતી પટેલે કમાન સંભાળી હતી. પરેડના રિહર્સલ માટે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્ય, ડીએસપી તરૂણ દુગ્ગલ, ડીવાયએસપી પી.ડી. મનવર, કલોલ પ્રાંત અધિકારી તથા મામલતદાર સહિત અધિકારીઓએ હાજરી આપી હતી. નાના નાના ભૂલકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત્ય આયોજન કર્યું હતુ. પરેડ નિરીક્ષણ માટે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્ય તથા ડીએસપી તરૂણ દુગ્ગલે નિરીક્ષણ કર્યું હતું.

ખૂણેખાંચરેથી

- સચિવાલય સંકુલ (સરદાર પટેલ ભવન)ના તમામ બ્લોક પર "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત ધ્વજ ફરકાવવામાં આવશે.
- સરદાર પટેલ ભવન સંકુલની સ્વચ્છતા અંગેનું ટેન્ડર છેલ્લા ત્રણ વર્ષથી જારી કરવામાં આવ્યુ નથી.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઘણુ ઓછુ જણાયુ હતુ. રજાના માહોલની અસરને કારણે બજારોમાં ઘરાકી પણ જોવા મળી ન હતી.
- શહેર ભાજપ દ્વારા વિભાજન વિભીષીકા સ્મૃત્તિ દિવસ તરીકે અનુસંધાને ૫.૩૦ વાગે મૌન રેલીનું આયોજન કરાયુ છે.
- શ્રાવણ માસમાં શહેરમાં બિલી ચઢાવવા ભક્તો વહેલી સવારથી જ શિવ મંદિરોમાં પહોંચી જાય છે.
- મેશ્વો નદીમાં પાણી છોડવામાં આવતાં દહેગામના ૧૮ જેટલા ગામોને આજે એલર્ટ આપવામાં આવેલ છે.
- જિલ્લામાં ગઈકાલે રાત્રે થયેલા ભારે વરસાદ પછી આજે દિવસના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં વાહકજન્ય રોગચાળામાં ઉછાળો જોવા મળી રહ્યો છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૨૮૫ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને ૨ ની ભરતી માટે જાહેરાત કરવામાં આવી છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોવિડના ૪ અને ૩ શંકાસ્પદ કોવિડના લક્ષણો ધરાવતા દર્દીઓ સારવાર હેઠળ છે.

ખાત્રજ ગામની સીમમાં બાજી માંડીને બેઠેલા ૪ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ખાત્રજ ગામની સીમમાંથી જુગાર રમતા ચાર જુગારીઓને રોકડ રૂ.૧૭,૬૦૦ ના મુદ્દામાલ સાથે એલસીબી-૨ પોલીસે પકડી પાડયા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પોલીસ સાંતેજ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમયે એએસઆઈ યજવેન્દ્રસિંહ અને રાજેન્દ્રસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે ખાત્રજ ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં બાજી માંડીને કેટલાક જુગારીઓ બેઠા છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પરંતુ પોલીસે કોર્ડન કરી તમામ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગાર રમી રહેલા કનુજી ગાંડાજી ઠાકોર, ઈશ્વરજી માસંગજી ઠાકોર(ઉંડાવાસ ખાત્રજ), વિરેન્દ્ર રામદયાલ વર્મા (રહે. ખાત્રજ ચોકડી), મનુજી ગાંડાજી ઠાકોર (રહે.ઉંડોવાસ ખાત્રજ તા.કલોલ) નો સમાવેશ થાય છે.એલસીબી-૨ પોલીસે દાવ પરથી અને જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૧૩,૧૦૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૪ કિં.રૂ.૪૫૦૦ મળી કુલ રૂ.૧૭,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસે

ડુપ્લીકેટ આધારકાર્ડથી ૧૧ સીમકાર્ડ ખરીદનાર બે યુવકોને દબોચી લીધા

ગાંધીનગર, તા.૧૩

ડુપ્લીકેટ આધારકાર્ડ બનાવીને ૧૧ સીમકાર્ડની ખરીદી કરીને ગંભીર ગુનાને અંજામ આપે તે પહેલા બે માસ્ટર માઈન્ડ શખ્સને ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસે દબોચી લીધા છે. પોતાની ઓળખ છુપાવવા માટે ડુપ્લીકેટ આધારકાર્ડ બનાવીને સીમ કાર્ડની ખરીદી કરી હતી. જયારે બંન્ને અગાઉ છેતરપિંડીના ગુનામાં પોલીસના હાથમાં આવી ગયા છે. સાયબર ક્રાઈમ પોલીસે બંન્ને શખ્સોના રીમાન્ડ મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સાયબર ક્રાઈમને ઈમેલથી ડુપ્લીકેટ આધારકાર્ડ થી સીમકાર્ડની ખરીદી કરી હોવાની ફરીયાદ મળી હતી. જેથી સાયબર ક્રાઈમ પીએસઆઈ સંજયદાન ગઢવીએ તપાસ હાથ ધરી હતી. પોલીસે વિપુલ ધીરુભાઈ માંગરોલીયા, (રહે.ઓમ પેલેસ, પાસોદરા પાટીયા સુરત), ની કડકાઈથી પુછપરછ કરતા તેણે પોતાના ફોટાવાળા આધારકાર્ડ થકી વોડાફોન કંપનીનું સીમકાર્ડ ખરીદ્યુ હોવાની કબુલાત કરી હતી.જેને બનાવેલા આધારકાર્ડમાં ફોટો તેનો હતો.પરંતુ સરનામુ સુરતના અન્ય વ્યકિતનું હતું. જેથી વિપુલના અસલી આધારકાર્ડ ની ચકાસણી કરવામાં આવતા સીમકાર્ડ ખરીદવા માટે ડુપ્લીકેટ આધારકાર્ડ બનાવ્યું હોવાની હકીકત બહાર આવી હતી. પોલીસે શખ્સની વધુ ઉંડાણપૂર્વક પુછપરછ કરતા જુનાગઢના વિસાવદરના ચાંપરડા ગામના મિત્ર ચેતન રમેશ પટેલના કહેવાથી સુરતથી ડુપ્લીકેટ આધારકાર્ડ બનાવવામાં આવ્યું હતું. ચેતનના નામે પણ ડુપ્લીકેટ આધારકાર્ડ બનાવ્યું હતું. ડુપ્લીકેટ આધારકાર્ડના આધારે ચેતને જુદા જુદા નંબરના ૧૦ જેટલા સીમકાર્ડની ખરીદી કરી હતી. જેનો ઉપયોગ મોટા ગુનાને અંજામ આપવા માટે કરવાના હતા. વિપુલ તેમજ ચેતન અગાઉ છેતરપિંડીના ગુનામાં પકડાયા છે. બનાવ અંગે પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

ચ-૦ પાસે ચકલાને ચણ નાંખવા આઘેડ ગયાને બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં વાહન ચોરી અટકવાનુ નામ લેતી નથી. વાહન ચોર ભરચક વિસ્તારમાંથી વાહનચોરીને અંજામ આપતા હતા. ત્યારે ચ-૦ સર્કલ પાસે પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩ બી પ્લોટ નં.૩૬૬-૧ ખાતે રહેતા પ્રવિનભાઈ વિરાભાઈ પરમાર પરિવાર સાથે રહે છે. પ્રવિણભાઈ વિવિધ જીલ્લામાંથી પ્લાસ્ટીકનો સામાન ફેકટરીઓમાંથી ખરીદી હોલસેલના વેપારીઓને વેચાણ કરે છે. પોતાના અંગત ઉપયોગ માટે હીરોહોન્ડા પેશન બાઈક નં.જીજે-૦૪-બીકે-૮૨૬૧ જેની કિંમત હાલ રૂ.૧૦ હજાર ગણાય. ગત તા.૮ ઓગસ્ટના રોજ બાઈક ચ-૦ સર્કલ ખાતે ઈન્ફોસીટી કોમ્પ્લેક્ષના કોર્નર નજીક બાઈક પાર્ક કરી તેઓ ચકલાને ચણ નાંખવા ગયા હતા. ગણતરીના સમયમાં ચણ નાંખીને પરત ફર્યા હોવા છતા બાઈક પાર્ક કરેલી જગ્યા પરથી કોઈ શખ્સ લઈ ગયો હતો. જેથી બાઈકની શોધખોળ આસપાસના વિસ્તારમાં તેમજ શહેરમાં વિવિધ જગ્યા પર કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે પ્રવિનભાઈએ સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી હતી.

ઐતિહાસિક સાદરા ગામે તિરંગા યાત્રા

ગાંધીનગર, તા. ૧૩

સાબર કિનારે સાદરા એવા ઐતિહાસિક સાદરા ગામે તિરંગા યાત્રાનું આયોજન મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના બી.એ., એમ.એ. વિભાગના સૌ સેવકો સૌ વિદ્યાર્થીઓએ ઐતિહાસિક સાદરા ગામે તિરંગાયાત્રા સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન મુજબે કાઢવામાં આવી હતી. આજે પણ સાદરા ગામનો ટાવર ઈતિહાસનો નમૂનો છે જ્યાં આઝાદીના અમૃત મહોત્સવની તિરંગાયાત્રાના યુવક-યુવતીઓએ ભારતમાતાની જય જેવા અનેક સૂત્રોચ્ચાર કરી ઘર ઘર તિરંગાનો સંદેશો પહોંચાડ્યો હતો. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ ભટ્ટ અને ડૉ. મોતી દેવું સાથી પ્રા. બળદેવ મોરીના સાથ સહકારથી આ તિરંગાયાત્રા સફળ બની.

સે-૨ તેમજ ૨૪માંથી ૧૫ શકુનીઓ ઝડપાયા

સેકટર-૨ માંથી પકડાયેલા જુગારીઓમાં બે પોલીસ કર્મચારીનો સમાવેશ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં શ્રાવણી જુગારની મૌસમ ખીલી હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાંથી જુગારીઓને પકડવા માટે પોલીસ જુગારધામ પર દરોડા પાડી રહી છે. ત્યારે આજે પણ શહેરના સેકટર-૨ બી અને સેકટર-૨૪ ઈન્દીરાનગરમાંથી પોલીસે ૧૫ જુગારીઓને રૂ.૮૦ હજારના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. પોલીસે પકડેલા જુગારીઓમાં એક નિવૃત પોલીસ કર્મચારી છે, જયારે એક સેકટર-૭ માં ફરજ બજાવતો હેડ કોન્સ્ટેબલ છે. એલસીબી પોલીસ જુગારધામ પર ત્રાટકતા પોલીસ કર્મચારીઓને પણ ન બક્ષતા જુગારીઓમાં પણ ડરનો માહોલ સર્જાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ બી પ્લોટ નં.૧૪૩૩-૨ ખાતે મહિલા દ્વારા ભાડાના મકાનમાં છેલ્લા કેટલાક સમયથી જુગારધામ ચાલી રહ્યું હતું. જો કે સેકટર-૨ બી માં જુગારધામ ચાલતુ હોવાની ગંધ એલસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાની ટીમને આવી ગઈ હતી. જેને પગલે સેકટર-૨ ના ઉકત મકાનમાં આયોજનપૂર્વક દરોડો પાડવામાં આવ્યો હતો. એલસીબીને ટીમે મકાનના મુખ્ય દરવાજાની જગ્યાએ બાલ્કનીનો દરવાજો ખખડાવતા એક મહિલા બહાર આવી હતી. જેને પોતાનું નામ ગીતાબેન ભાથીજી ઠાકોર હોવાનું જણાવ્યું હતું., ત્યારપછી એલસીબીએ મકાનની અંદર પ્રવેશી બેડરૂમમાં તપાસ કરતા છ જુગારીઓ બાજી માડીને બેઠા હતા. અચાનક જુગારધામ પર એલસીબી પોલીસ

ત્રાટકતા સેકટર-૭ માં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલના હોશ ઉડી ગયા હતા. એલસીબી પોલીસે જુગારીઓને જે તે સ્થિતિમાં બેસી રહેવાની સુચના આપી કાર્યવાહી હાથ ધરી હતી. સેકટર-૨ માંથી પોલીસે જુગાર રમતા રાણા પ્રતાપજી મકવાણા (રહે ઈન્દ્રોડા ગામ), કનૈયા દલસુખ પટેલ (વાવોલ), કીરીટ વાઘેલા(કુડાસણ), કનુ બબાભાઈ શાહ (રહે.કુડાસણ શુકન સ્કાય), સુરેશ કનુભાઈ રાવળ (રહે.દશામાના મંદિરની પાછળ ફતેપુરા), અરવિંદ અમૃતલાલ દંતાણી (રહે. સેકટર-૧૬) અને ગીતા શનાજી ઠાકોર (મુળ રહે. છત્રાલ)ને જુગારધારા હેઠળ ધરપકડ કરી હતી. આ મકાન બાબુ અમીનભાઈ દેસાઈની માલિકીનુ છે.

જયારે મહિલાએ માસિક રૂ. ૭ હજારના ભાડે પેટે રાખ્યું હતું. ત્યારે મહિલાએ ભાડે મકાનમાં જુગારધામ શરુ કરી દીધુ હતું. પોલીસે જુગારીઓ પાસેથી દાવ પરથી અંગજડતી અને મોબાઈલ મળી કુલ રૂ.૩૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજીતરફ સેકટર -૨૪ ઈન્દીરાનગર ખાતે એલસીબી-૨ની ટીમ ત્રાટકી હતી અને ખુલ્લામાં બાજી માંડીને બેઠેલા ૮ જુગારીઓને પકડી પાડ્યા હતા.

પોલીસે બાબુ મગનભાઈ ચૌહાણ, જાવેદ સાહેબખાન બલોચ, ત્રિકમ દખડીયા, નગારજી સુબાજી ભીલ, રમેશ મગનભાઈ રબારી, આરીફ જવાહરખાન પઠાણ, હરેશ ભગવાનભાઈ પટેલ અને રાજુ રમણભાઈ ચૌધરીનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી તેમજ મોબાઈલ મળી કુલ રૂ.૪૫,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિશ્વકોષ ટ્રસ્ટ ખાતે 'શબ્દ-જોડણી સમૃદ્ધિ' પુસ્તક લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૩

પ્રગતિશીલ શિક્ષણ સામયિક દ્વારા 'શબ્દ-જોડણી સમૃદ્ધિ' પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. જોડણીની થતી આ ભૂલો અંગે માર્ગદર્શન મળી રહે તે સારું વિનાયક ધોત્રે દ્વારા આ પુસ્તકનું વિમોચન વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ ખાતે થયું. પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમમાં મહેમાન તરીકે મનસુખ સલ્લા,રતિલાલ બોરીસાગર, શાંતિલાલ ગઢિયા, પિકીબેન પંડયા જેવા સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જસુભાઈ કવિ એ કર્યું હતું. આ પુસ્તકના લોકાર્પણ પ્રસંગે જાણીતા સાહિત્યકાર ગુણવંતભાઈ શાહ, ડૉ.કુલીનચંદ્ર યાજ્ઞિક અને મણીભાઈ પ્રજાપતિ એ શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ.કુલીનચંદ્ર યાજ્ઞિકે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

કાનપુર પ્રા.શાળા ના વિધાર્થીઓ દ્વારા તિરંગા યાત્રા

ગાંધીનગર, તા.૧૩

દેશભરમાં આઝાદીના અમૃત મહોત્સવની ધૂમ છે. ઠેરઠેર તિરંગા યાત્રા નિકળી રહી છે. આજે સવારે ગાંધીનગર તાલુકાના કાનપુર ગામના પ્રા.શાળામાં અભ્યાસ કરતાં નાના ભુલકાઓએ હાથમાં તિરંગો લઈ ગામમાં તિરંગા યાત્રાનું આયોજન કર્યું હતું. શાળાના બાળકોએ ભારત માતા કી જય, વદે માતરમના નારા લગાવી ગામની ગલીઓ ગજવી દીધી હતી. બાળકોની દેશ પ્રત્યેની ભાવના જોઈ ગ્રામજનો પણ અભિભૂત થયા હતા. આજે નિકળેલ તિરંગા યાત્રામાં કાનપુર પ્રા.શાળાના આચાર્ય પરેશભાઈ ગોસ્વામી, શિક્ષકગણ મનિષાબેન ચૌધરી, ગામના સરપંચ ગીતાબેન ચૌધરી તથા ગામના યુવાનો પણ જોડાયા હતા.

પોર ગામમાં ત્રાસ વર્તાવી રહેલા વાનરો પાંજરે પુરાયા

વાનરો ગાંધીનગર જિલ્લાના કેટલાક ગામોમાં ત્રાસ વર્તાવતા હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. થોડા દિવસો પહેલા મગોડી ગામમાં ત્રાસ વર્તાવ્યો હતો.ત્યારે છેલ્લા કેટલાક દિવસથી વાનરોએ પોર ગામમાં આતંક મચાવ્યો હતો. વાનરોએ ગામમાં ત્રણથી ચાર લોકોને બચકાં ભરી ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. જેમાં એક કિશોરી ઉપર પણ હુમલો કર્યો હતો. ગામના લોકો પર વાનરો દ્વારા કરાયેલા આવા હુમલાઓથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. ત્યારે આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવી હતી. ત્યારે પહેલા બે વાનરને પકડી લેવાયા હતા. ત્યાર પછી પણ વાનરોનો આતંક યથાવત રહ્યો હતો અને ગામના બીજા લોકો ઉપર પણ હુમલા કરી ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. જેને પગલે ગામના લોકો ઘરની બહાર નીકળતા પણ ડરતા હતા અને ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો. ત્યારે વનવિભાગ અને સદભાવના ફાઉન્ડેશનની ટીમે સંયુક્ત રીતે વાનરોને પકડવાનું ઓપરેશન હાથ ધર્યું હતું અને આખરે વધુ એક વાનરને પાંજરે પૂર્યો હતો.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત
(A State Public University established by Government of Gujarat)
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત

Recruitment-2022

- આઈ.આઇ.ટી.ઇ ખાતેના પી.એચ.ડી. ફેસીલિટેશન સેન્ટર અંતર્ગત તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત બિન શૈક્ષણિક સ્ટાફની નિયુક્તિ કરવાની છે. જરૂરી માહિતી, પગાર, નિમણૂકની શરતો અને અન્ય વિગતો www.iite.ac.in પર મૂકવામાં આવેલ છે.

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ: ૨૫/૦૮/૨૦૨૨

તારીખ : 12-08-2022
સ્થળ : ગાંધીનગર
કુલસચિવ,
આઈઆઈટીઈ